પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૬ | ૨૫ જુન, ૨૦૧૮, સોમવાર; નિજ. જેઠ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ત્રાસવાદીઓ સાથે ભીષણ અથડામણ : બે ઠાર

### તોઇબાનો કમાન્ડર ઠાર થયો : ઠાર થયેલા ત્રાસવાદીઓ પાસેથી હથિયારોનો જથ્થો જપ્ત



કુલગામ,તા.૨૪

અમરનાથ યાત્રાથી પહેલા જમ્મુ કાશમીરના કુલગામ જિલ્લામાં સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આજે ભીષણ અથડામણ થઈ હતી જેમાં બે ત્રાસવાદીઓને ઠાર કરાયા હતા. ઠાર કરાયેલા ત્રાસવાદીઓ પૈકી લશ્કરનો કમાન્ડર પણ સામેલ છે. જમ્મુ કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્ય દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, ૨૨મી જૂનના દિવસે જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા દળોએ જોરદાર કાર્યવાહી કરીને ૪ ખતરનાક ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. તેમની પાસેથી મોતનો મસાલો પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

જમ્મુ કાશ્મીરના અનંતનાગના શ્રીગુફારા વિસ્તારમાં ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. ઠાર મરાયેલા ત્રાસવાદીઓના ઈસ્લામિક કનેક્શન હોવાના સમાચાર મળ્યા હતા.

ઈસ્લામિક સ્ટેટ સાથે કનેક્શન હોવાના અહેવાલથી ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. જમ્મુ કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્યએ આતંકવાદીઓના ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી હતી. માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હતી. આ એન્કાઉન્ટરમાં ઈસ્લામિક સ્ટેટ ઓફ જમ્મુ કાશ્મીર સાથે સંબંધિત હોવાની શંકા વ્યક્ત કરી હતી. માર્યા ગયેલા ત્રાસવાદી કાશ્મીરના નિવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે નોંધનીય છે કે, આ પહેલા ગયા વર્ષે નવેમ્બરમાં જમ્મુ કાશ્મીરના જકુરામાં એક હુમલાની જવાબદારી ત્રાસવાદી સંગઠને સ્વીકારી હતી. રમજાન દરમિયાન યુદ્ધ વિરામની જાહેરાત કરાયા બાદ હિંસા વધી ગઈ હતી. ત્રાસવાદી હુમલા વધી ગયા હતા. પથ્થરબાજીની ઘટના વધી ગઈ હતી.

## ન્યુઝ ટ્રેક

### મંગળ ગ્રહ પર સતત આંધી ફુંકાઈ રહી છે

મંગળ ગ્રહનો મોટાભાગનો હિસ્સો છેલ્લા કેટલાક સમયથી ઝડપી ગતિની ધૂળ સાથેની આંધીથી લપેટાયેલો જોવા મળે છે.ગત બે સપ્તાહમાં એવી સ્થિતિ જોવા મળી છે કે હાલ મંગળ ગ્રહ લાલ ચટાક જોવા મળી રહ્યો છે.

### દિલ્હીમાં ફ્રી વાઇ-ફાઇ આપવાની કામગીરી આરંભાઈ

આમ આદમી પાર્ટી સરકારે દિલ્હીને મફત વાઈફાઈ આપવાની દિશા તરફ વધુ એક પગલું ભર્યું હતું. સરકારે દિલ્હી શહેરમાં સાર્વજનિક સ્થાનો પર મફતમાં વાઈ-ફાઈ સુવિધા આપવા માટેની ૧૧ સદસ્યીય સમિતિનું ગઠન કર્યું છે.

### સાઉદીમાં મહિલાઓને મળી ડ્રાઈવિંગની આઝાદી

સાઉદ આરબમાં મહિલાઓની ડ્રાઈવિંગ પર વર્ષોથી લગાવવામાં આવેલો પ્રતિબંધ રવિવારથી હટાવવામાં આવ્યો છે. ત્યારે હવે સાઉદીની મહિલાઓ હવે રસ્તા પર કાર ચલાવી શકશે.

### ચા વાળાની પુત્રીનું ભારતીય વાયુસેના માટે સિલેક્શન

ચા વાળો વડાપ્રધાન પણ બની શકે છે તેવુ નરેન્દ્ર મોદીએ પૂરવાર કરી દીધુ છે અને હવે એક ચાવાળાની પુત્રીએ પણ દેશ નોંધ લે તેવી સિધ્ધિ મેળવી છે.

મધ્યપ્રદેશના નિમચ જિલ્લામાં ચા વેચનારાની પુત્રી આંચલ ગંગવાલનુ ભારતીય વાયુસેનાની ફ્લાઈંગ બ્રાન્ચમાં સિલેક્શન થયુ છે.

## ઈપીએફઓ ખાતાધારકોનું પેન્શન ૨૦૦૦ કરાશે


**૨૯મી જૂનના દિવસે મળનારી સીબીટીની બેઠકમાં અંતિમ નિર્ણય : પીએફ પેન્શનરોને મળનાર લઘુત્તમ પેન્શન ૧૦૦૦થી વધારી ૨૦૦૦ સુધી કરાશે : નવા પ્રસ્તાવથી સરકાર ઉપર વાર્ષિક ૩૦૦૦ કરોડનો બોજ પડશે**

નવીદિલ્હી, તા.૨૪

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ના ખાતા ધારકો માટે સારા સમાચાર છે. પીએફ પેન્શનરોને મળનાર લઘુત્તમ પેન્શન ૧૦૦૦ રૂપિયાથી વધારીને ૨૦૦૦ રૂપિયા કરવામાં આવી શકે છે. ઈપીએફઓ અને શ્રમ મંત્રાલય દ્વારા આ પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ પર ૨૯મી જૂનના દિવસે યોજાનારી સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ની બેઠકમાં નિર્ણય કરવામાં આવી શકે છે. શ્રમ મંત્રાલયના સુત્રોના કહેવા મુજબ આ સંદર્ભમાં મંત્રાલય અને ઈપીએફઓમાં સહમતિ થઈ ગઈ છે. લઘુત્તમ પેન્શન ૨૦૦૦ રૂપિયા કરવાથી સરકાર પર ૩૦૦૦ કરોડ રૂપિયાનો વાર્ષિક બોજ પડશે. ઈપીએફઓની પાસે એટલી

વધારાની રકમ છે કે, આ બોજને સરળતાથી ઉપાડી શકે છે. હાલમાં ઈપીએફઓના મેમ્બરોને લઘુત્તમ ૧૦૦૦ રૂપિયા અને મહત્તમ ૭૫૦૦ રૂપિયા સુધી પેન્શન આપવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે, ઈપીએફઓએ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પાંચ કરોડ પીએફ ખાતા ધારકોના પ્રોવિડંડ ફંડની વ્યાજદરોમાં ઘટાડો કરી દીધો છે. વર્ષ ૨૦૧૭-૧૮ માટે પીએફના વ્યાજદર ૮.૬૫ ટકાથી ઘટીને ૮.૫૫ ટકા થઈ ગયા છે. આ ઘટાડો કરવામાં આવ્યા બાદ પીએફના વ્યાજદર પાંચ વર્ષની સૌથી નીચી સપાટી ઉપર છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રિટાયર્ડમેન્ટ ફંડ બોડી ઈપીએફઓની સામે ફંડને લઈને કોઈ તકલીફ નથી. ઈપીએફઓને એક્સચેંજ ટ્રેડેડ ફંડ (ઈટીએફ)થી મે મહિના સુધી ૧૬.૦૭ ટકા રિટર્ન મળ્યો છે.

## પ્રવિણ તોગડિયાની અંતે નવા સંગઠનની ઘોષણા



**હિન્દુ, ખેડૂતોના હિતમાં લડવાની ઘોષણા : ગૌ હત્યા પર પ્રતિબંધ લગાવવા સહિતના અનેક મુદ્દા પર લડતનું એલાન**

અમદાવાદ,તા.૨૪

વિશ્વ હિન્દુ પરિષદનાં પૂર્વ કાર્યકારી આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ રહેલા એવા ડો.પ્રવિણ તોગડિયાએ

● અનુસંધાન પાન-૭ પર

## જીએસટી મોટા આર્થિક સુધાર તરીકે છે : મોદી

**નરેન્દ્ર મોદીએ ૪૫મી વખત મન કી બાત કરી : યોગ, ખેલ અને ડોક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીના સંદર્ભમાં મોદીએ વાત કરી : મુખર્જીનું અખંડ ભારતનું સપનું હતું**

નવીદિલ્હી,તા. ૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૪૫મી વખત મન કી બાત મારફતે દેશવાસિયો સાથે વાત કરી હતી. વડાપ્રધાને પોતાના રેડિયો કાર્યક્રમમાં ખાસરીતે યોગ, રમતગમત, ડોક્ટર શ્યામાપ્રસાદ મુખર્જીના સંદર્ભમાં ચર્ચા કરી હતી. મોદીએ કહ્યું હતું કે, યોગ હવે રાષ્ટ્ર, જાતિ અને ધર્મની સરહદથી ઉપર ઉઠીને તમામ લોકોને પ્રેરિત કરે છે. શ્યામાપ્રસાદ મુખર્જીને યાદ કરતા તેમણે કહ્યું હતું કે, શ્યામાપ્રસાદ હંમેશા અખંડ ભારતનું સ્વપ્ન જોતા હતા. મોદીએ જીએસટીને લઈને પણ લોકોનો આભાર માન્યો હતો અને કહ્યું હતુ કે, જીએસટી દેશ માટે મહત્વપૂર્ણ સુધાર તરીકે છે. વિશ્વમાં સૌથી મોટા સુધારા તરીકે આને ગણી શકાય છે. આ ઐતિહાસિક સફળતા રાજ્યો અને લોકોના સહકારથી હાસલ થઈ છે. ૨૩મી જૂનના દિવસે દેશના સપૂત શ્યામા પ્રસાદ મુખર્જીની પૂણ્યતિથિ હતી. મોદીએ તેમને યાદ કરતા કહ્યું હતુ કે, જુદા જુદા ક્ષેત્રોમાં તેમની ભૂમિકા હતી. ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રમાં ઘણું કામ કર્યું હતું. માત્ર ૩૩ વર્ષની વયમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર બન્યા હતા. ભારતની ઔદ્યોગિક પ્રગતિ માટે આધારશીલા મુકવામાં પણ તેમની ભૂમિકા હતી. ભારતની અખંડતાના સમર્થક તરીકે તેઓ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

**દક્ષિણ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની શકયતા : હવે આગામી ચાર દિવસમાં ચોમાસુ સક્રિયરીતે આગળ વધવા માટેના સ્પષ્ટ સંકેત : ઉંમરગામમાં ૮ કલાકમાં છ ઇંચથી વધુ વરસાદ થતાં પાણી ભરાયા : તંત્ર સાબદુ**



અમદાવાદ,તા.૨૪

સમગ્ર ગુજરાતમાં ગઈકાલથી મેઘરાજાનું વિધિવત્ આગમન થઈ ગયુ છે ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાકમાં ગુજરાત રાજયના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં આગામી ચાર દિવસમાં ચોમાસું સક્રિય રીતે આગળ વધશે. વરસાદની આગાહીને પગલે રાજયભરમાં એનડીઆરએફ સહિતની રાહત અને બચાવ ટીમોને પણ તંત્ર દ્વારા સતર્ક અને સાબદી કરી દેવામાં આવી છે. બીજીબાજુ, અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આગામી ચાર દિવસ સુધી મેઘરાજાની મીઠી મહેર ચાલુ રહેવાની પણ પૂરી શકયતા છે. હવામાન વિભાગ દ્વારા ૪૮ કલાક સુધી ગુજરાત રાજયના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આગાહીને પગલે આ વિસ્તારોના જિલ્લા વહીવટી તંત્ર પણ સાબદા થઈ ગયા છે. કંટ્રોલ રૂમથી તમામ જિલ્લા સાથે સંકલન શરૂ કરાયુ છે. જો કે, હવામાન વિભાગની આગાહીને પગલે સરકાર દ્વારા તમામ જિલ્લા વહીવટી તંત્રને પણ સતર્ક રહેવા સૂચના પણ આપી દેવાઈ છે. તો સાથે સાથે એનડીઆરએફ, ફાયરબ્રિગેડ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિતની રાહત અને બચાવ ટીમોને પણ સતર્ક અને સાબદા રહેવાની સૂચનાઓ જારી કરાઈ છે. હાલ ગુજરાતમાં એનડીઆરએફની ૧૦ ટીમો કાર્યરત છે. જેમાં વડોદરામાં ૪, સુરત અને અમરેલીમાં એક-એક, ગાંધીનગરમાં ૩, હિંમતનગરમાં એક ટીમ તૈનાત કરાઈ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આગામી ચાર દિવસમાં રાજયભરમાં ચોમાસું સક્રિય રીતે આગળ વધશે અને તા.૨૯મી સુધીમાં સમગ્ર ગુજરાતમાં સારો કહી શકાય તેવો વરસાદ પડશે. હાલમાં ઉત્તર કોંકણથી દક્ષિણ

● અનુસંધાન પાન-૭ પર

### તેલંગણા અને મ.પ્રદેશમાં બે રોડ અકસ્માતમાં ૧૭ના મોત

તેલંગણા અને મધ્યપ્રદેશમાં રવિવારે થયેલા બે રોડ અકસ્માતમાં ૧૭ લોકોના મોત થઈ ગયા. ૧૯ લોકો ઘાયલ છે. તેલંગણામાં એક બાઈકને બચાવવામાં ટ્રેક્ટર-ટ્રોલી નહેરમાં પડી ગઈ. તેમાં ૧૩ મહિલાઓના મોત થઈ ગયા, ૧૭ ઘાયલ છે. જ્યારે મધ્યપ્રદેશમાં ઇંદોરથી આવી રહેલી એક કાર ટ્રક સાથે અથડાઈ ગઈ, જેમાં ૨ બાળકો સહિત ૪ લોકોનાં મોત થઈ ગયા. બે ઘાયલ છે.




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

